

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-40 ■ તા. 27-09-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા ૫૯ લાખને પાર, ૮૫ હજારથી વધુ નવા કેસ

ન્યુ દિલ્હી,તા.૨૬

ભારતમાં કોરોના સંક્રમણની સ્પીડ ઉપર બ્રેક લાગી રહી નથી. દેશમાં વિતેલા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૮૫૩૬૨ નવા કેસો સામે આવ્યાં છે. જ્યારે ૧૦૮૯ દર્દીના મોત નીપજી ચુક્યાં છે. તેની સાથે મૃત્યુઆંક ૭૩૩૭૯ પર પહોંચી ગયો છે. શનિવારે દેશમાં આ જીવલેણ વાયરસથી સંક્રમિતોનો આંક વધીને ૫૯,૦૩,૯૩૨ થઈ ગયો છે.

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે કેસોમાંથી ૯,૬૦,૯૬૯ કેસ એક્ટિવ છે. ત્યારે ૪૮,૪૯,૫૮૪ દર્દીઓ સ્વસ્થ થતા હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. જ્યારે ૯૩,૩૭૯ સંક્રમિતોના મોત નીપજી ચુક્યાં છે. મૃત્યુદર ઘટીને ૧.૫૯ ટકા થઈ ગયો છે. જણાવી દઈએ કે કુલ ૧૩,૦૦,૭૫૭ કેસ અને ૩૪,૭૬૧ મોતની સાથે દેશમાં મહારાષ્ટ્ર કોરોના વાયરસથી સૌથી વધારે પ્રભાવિત રાજ્ય બન્યું છે. તે બાદ આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકનો નંબર આવે છે. નવા કેસોમાં લગભગ ૭૫ ટકા ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી મળ્યાં છે.

ભારતીય ચિકિત્સા અનુસંધાન પરિષદના આંકડા જણાવી રહ્યાં છે કે, દેશમાં શુક્રવારે એક જ દિવસમાં ૧૪,૪૧,૫૩૫ સેમ્પલનું ટેસ્ટ કરવામાં આવ્યું હતું. દેશમાં અત્યાર સુધીમાં ૭,૦૨,૬૯,૯૭૫ સેમ્પલોની તપાસ થઈ ચુકી છે. કોરોના સંકટની ગંભીરતાથી તે સમજી શકાય છે કે, સંક્રમિતોના કેસોમાં ભારત માત્ર અમેરિકાથી પાછળ છે. અમેરિકામાં ૭૦,૩૨,૫૨૪ કેસ સામે આવ્યા છે. અને ૨,૦૩,૬૫૭ દર્દીઓના મોત નીપજી ચુક્યાં છે. શનિવારે સવાર સુધીમાં દુનિયામાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૩,૨૪,૭૧,૧૧૯ રહી છે. જ્યારે કોરોનાથી મરનારાઓની સંખ્યા વધીને ૯,૮૭,૫૯૩ થઈ ગઈ છે.

કોરોનાથી પીડિત ૯૩,૪૨૦ લોકો છેલ્લા ૨૪ કલાકમાં સ્વસ્થ થયા છે અને તેમણે કોરોના મુક્ત જાહેર કર્યા છે. આ સમયે દેશભરમાં કોરોનાથી રિકવરી રેટ ૮૨.૧૪ % છે. જ્યારે પોઝિટિવિટી રેટ ૬.૩૬ % છે.

કર્ણાટકમાં શુક્રવારે કોરોના વાઈરસના ૮૬૫૫ નવા કેસો નોંધાયા છે. જ્યારે વધુ ૮૬ કોરોના દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ રાજ્યમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૫,૫૭,૨૧૨ પર પહોંચી ચૂકી છે. જ્યારે મૃતકોની સંખ્યા ૮૪૧૭ થઈ ગઈ છે.

મહારાષ્ટ્રમાં Covid-૧૯ના એક જ દિવસમાં ૧૭,૭૯૪ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ રાજ્યમાં કોરોના સંક્રમિતોની



સંખ્યા વધીને ૧૩,૦૦,૭૫૭ પર પહોંચી ચૂકી છે. જ્યારે ૨૪ કલાકમાં વધુ ૪૧૬ દર્દીઓના મોત થવા સાથે જ કોરોનાના કારણે મૃતકોની સંખ્યા વધીને ૩૪,૭૬૧ પર પહોંચી ગઈ છે.

### યુકેની કોર્ટમાં ઉદ્યોગપતિએ આ વાત કહી

## કોર્ટમાં કેસો લડવા તમામ ઘરેણાં પણ વેચી માર્યા છેઃ અનીલ અંબાણી

### હું સાદગીભર્યું જીવન જીવી રહ્યો છું, ફક્ત એક કારનો જ ઉપયોગ કરુ છું



મુંબઇ,તા.૨૬

એક સમયે દેશના ટોચના ઉદ્યોગપતિઓમાં ગણાતા અનિલ અંબાણીની આર્થિક સ્થિતિ એવી બની ગઈ છે કે પોતાના વકીલોની ફી ભરવા માટે દાગીના વેચવા પડી રહ્યા છે. દેવાના બોજા હેઠળ ઉદ્યોગપતિ અનિલ અંબાણી એ ખુદ યુકેની કોર્ટમાં આ વાત કહી હતી. તેમણે કોર્ટને કહ્યું કે તેઓ સાદગીભર્યું જીવન જીવી રહ્યા છે અને તેઓ એક જ કારનો માત્ર ઉપયોગ કરે છે.

અનિલ અંબાણીએ જણાવ્યું હતું કે આ વર્ષે જાન્યુઆરીથી જૂન વચ્ચે તેમણે ૯.૯ કરોડ રૂપિયાના ઝવેરાત વેચ્યા હતા અને હવે તેમની પાસે એવું કંઈ બાકી નથી. જ્યારે લક્ઝરી કારોના કાફલા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, 'આ બધી અફવાઓ મીડિયામાં આવી રહી છે. મારી પાસે ક્યારેય રોલ્સ રોયસ નહોતી. અત્યારે હું એક જ કારનો ઉપયોગ કરી રહ્યો છું.૨૨ મે ૨૦૨૦ ના રોજ યુકે હાઈકોર્ટે અંબાણીને ૧૨ જૂન ૨૦૨૦ સુધીમાં ચીનની ત્રણ બેંકોને ૭૧,૬૯,૧૭,૬૮૧ લાખ ડોલર એટલે કે અંદાજે ૫,૨૮૧ કરોડ રૂપિયા અને ૫૦,૦૦૦ પાઉન્ડ એટલે અંદાજે લગભગ ૭ કરોડ રૂપિયા કાયદાકીય ખર્ચ પેટે ચૂકવણી કરે. ત્યારબાદ ૧૫ જૂનના રોજ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ કોમર્શિયલ બેંક્ર ઓફ ચાઈનાના નેતૃત્વમાં ચીની બેંક્રો એ અનિલ અંબાણીની સંપત્તિઓને ખુલાસો કરવાની માંગણી કરી.૨૯ જૂનના રોજ માસ્ટર ડેવિસન એ અંબાણીને વિશ્વભરમાં ફેલાયેલી પોતાની સંપત્તિનો ખુલાસો કરવાનો આદેશ આપ્યો જેની કિંમત ૧,૦૦,૦૦૦ લાખ ડોલર એટલે કે અંદાજે ૭૪ લાખ રૂપિયાથી વધુ છે. તેમને એફિડેવિટમાં એ પણ જણાવવાનું કહેવામાં આવ્યું હતું કે તે સંપત્તિઓમાં તેનો સંપૂર્ણ હિસ્સો છે અથવા તેમાંથી કોઈપણનો સંયુક્ત રીતે હકદાર છે.આ હુકમ અંગે અદાલતે એફિડેવિડટમાં અંબાણીએ કહ્યું હતું કે તેમણે રિલાયન્સ ઈનોવેશન્સને ૫ અબજ રૂપિયાની લોન આપી છે. તેમણે કહ્યું કે રિલાયન્સ ઈનોવેશનમાં ૧.૨૦ કરોડ ઈક્વિટી શેરની કોઈ કિંમત નથી. અંબાણીએ કોર્ટને જણાવ્યું હતું કે તેમના પરિવારિક ટ્રસ્ટ સહિત દુનિયાભરના કોઈપણ ટ્રસ્ટમાં તેમનું કોઈ આર્થિક હિત નથી.

### વિમાનમાં ૨૮ લોકો સવાર હતા જેમાંથી ત્રણની હાલ ગંભીર

## યુક્રેનમાં વાયુસેનાનું પ્લેન દુર્ઘટનાગ્રસ્તઃ ૨૫ લોકોના મોત

*યુક્રેન,તા.૨૬*

પાછલા ઘણાં દિવસોમાં વિમાન ક્રેશના ઘણાં દર્દનાક મામલા સામે આવ્યા છે. થોડા મહિના પહેલા જ કેરળમાં એક વિમાન ક્રેશમાં ઘણાં લોકોના મોત થયા હતા. રનવે પરથી લપસી જતા વિમાન ખીણમાં પડ્યું હતું. અન્ય એક મામલો યુક્રેનમાંથી સામે આવ્યો છે. જ્યાં વાયુ સેનાનું પ્લેન દુર્ઘટનાગ્રસ્ત થતાં ૨૫ લોકોના મોત થયા છે. આ દુર્ઘટના શુક્રવાર રાતની છે. પ્લેનમાં ક્રૂ સહિત ખરકીવ એયર ફોર્સ યુનિવર્સિટીના ૨૫ કેડેટ્સ જવાન હતા, જ્યારે પ્લેન ટ્રેનિંગ ઉડાન પર હતું. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, આ દુર્ઘટનામાં બચી ગયેલા ૨ લોકોની સ્થિતિ ગંભીર છે.

યૂક્રેન વાયુ સેનાનું એંટોનો-૨૬ એરક્રાફ્ટ ખરકીવમાં લેન્ડ કરતા સમયે જમીન સાથે અઠડાયું અને તેની સાથે જ પ્લેનમાં આગ લાગી ગઈ. ત્યાર પછી અફરા તફરીની સ્થિતિ સર્જાઈ. દુર્ઘટના પછી પહોંચેલા અધિકારીઓએ આગ પર કાબૂ મેળવ્યો. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૫ લોકોના મોત થયા છે. જ્યારે બે લોકોની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે ખરકીવ એયર ફોર્સ યુનિવર્સિટીથી કેડેટ્સને પ્લેન લઈને જઈ રહ્યું હતું.ઈમરજન્સી મંત્રાલયના અધિકારીઓનું કહેવું છે કે પ્લેન છૂયિયોમાં સેનાના એરપોર્ટથી લગભગ ૨ કિલોમીટર નીચે આવી ગયું હતું. હાલમાં એ વાતની જાણ નથી થઈ કે જેનાથી કહી શકાય કે આ દુર્ઘટનાનો સંબંધ પૂર્વીય યૂક્રેનમાં સંઘર્ષથી જોડાયેલો છે. ઉલ્લેખનીય છે કે છૂયિયો સંઘર્ષ મોરચાથી ૮૦ કિલોમીટર દૂર છે, જ્યાં સેના અને રશિયન સમર્થિક અલગાવવાદીઓ વચ્ચે લડાઈ થઈ રહી છે.ડેપ્યુટી ગૃહમંત્રી એંટોન ગેરાશોકેનકોએ જણાવ્યું કે, હમણા આ ઘટનાના કારણો અંગે જાણ કરવી મુશ્કેલ છે. આ મામલા અંગે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. ખરકીવના ગવર્નર ઓલેક્સી કુચેરે કહ્યું કે, શરૂઆતી તપાસમાં જાણ થઈ છે કે એક પાયલટે દુર્ઘટના પહેલા એન્જિનમાં ખરાબી અંગે સૂચના આપી હતી.એંટોન ગેરાશેંકોએ જણાવ્યું કે, બે લોકોની સ્થિતિ ગંભીર છે અને તેમની સારવાર



ચાલી રહી છે. આ ટ્રાન્સપોર્ટ પ્લેનમાં ૨૮ લોકો સવાર હતા. જેમાંથી ૨૧ મિલિટ્રી કેડેટ્સ હતા અને જ્યારે ૭ વિમાનના ક્રૂ મેમ્બર હતા. યૂક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમિર જેલેંસ્કીએ કહ્યું કે, તેઓ દુર્ઘટનાગ્રસ્ત વિસ્તારની મુલાકાત કરશે. રાષ્ટ્રપતિએ ફેસબુક પર લખ્યું કે, અમે દરેક પરિસ્થિતિઓ અને ત્રાસદીના કારણોની તપાસ માટે તત્કાલ એક સમિતિનું ગઠન કરી રહ્યા છે.

## રામલલા બાદ હવે શ્રીકૃષ્ણ જન્મભૂમિનો કેસ કોર્ટમાં, શાહી મસ્જિદ હટાવવાની માંગ

મથુરા,તા.૨૬

અયોધ્યા બાદ હવે મથુરામાં શ્રીકૃષ્ણના મંદિરનો મામલો અદાલત સુધી પહોંચી ગયો છે.મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ પર બનેલી મસ્જિદ હટાવવાની માંગ સાથે મથુરાની સિવિલ કોર્ટમાં એક કેસ કરવામાં આવ્યો છે.જેમાં જન્મભૂમિ પરિસરની ૧૩ એકર જમીન પર કબ્જો માંગવામાં આવ્યો છે અને શાહી મસ્જિદ ઈદગાહ હટાવવાની માંગ કરવામાં આવી છે.ભગવાન શ્રીકૃષ્ણ બિરાજમાનની રંજના અગ્નિનહોત્રી તરફથી સુપ્રીમિ કોર્ટના વકિલે અરજી દાખલ કરી છે.જેમાં જમીનને લઈને ૧૯૬૮માં જે સમાધાન કરાયુ હતુ તેને ખોટુ હોવાનુ કહેવાયુ છે.આ કેસ કરવામાં કુલ ૬ કૃષ્ણ ભક્તોનો સમાવેશ થાય છે.ભગવાન શ્રીકૃષ્ણ બિરાજમાન અને સ્થાન શ્રીકૃષ્ણ જન્મભૂમિના નામથી દાખલ કરાયેલી પિટિશનમાં કહેવાયુ છે કે, જે જગ્યાએ હાલમાં મસ્જિદ છે ત્યાં જ જેલ હતી અને તેમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો.ઉલ્લેખનીય છે કે, ૧૯૫૧માં શ્રીકૃષ્ણ જન્મભૂમિ ટ્રસ્ટ બનાવાયુ ત્યારે નક્કી કરાયુ હતુ કે, ફરી મંદિરનુ નિર્માણ કરવામાં આવશે અને ટ્રસ્ટ દ્વારા તેનુ આયોજન કરાશે.૧૯૫૮માં શ્રીકૃષ્ણ જન્મ સ્થાન સેવા સંઘ નામની સંસ્થા બનાવાઈ હતી અને જમીન પર કબ્જો મેળવવા માટે સંસ્થાએ કાર્યવાહી શુ કરી છે.સંસ્થાએ ૧૯૬૪માં જમીન પર કબ્જો મેળવવા માટે એક સિવિલ કેસ દાખલ કર્યો હતો.જોકે સંસ્થાએ ૧૯૬૮માં જાતે જ મુસ્લિમ પક્ષ સાથે સમાધાન કરી લીધુ હતુ અને તેના ભાગરુપે મુસ્લિમ પક્ષે મંદિર માટે જમીન છોડી હતી અને તેના બદલામાં તેને મંદિર સાથે જોડાયેલી જગ્યા આપી દેવામાં આવી હતી.

## પોતાના કબજે કરેલા 'ગુલામ કાશ્મીર'ને ખાલી કરે પાકિસ્તાનઃ ભારતનો જડબાતોડ જવાબ

યુએન,તા.૨૬

યુએનની ૭૫ મી વર્ષગાંઠ પર પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને ફરી એક વાર પોતાના ભાષણમાં જમ્મુ-કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો. શનિવારે ભારતે જવાબ આપતા કહ્યું કે જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. એટલું જ નહીં ભારતે પાકિસ્તાનને પીઓકેના ગેરકાયદેસર પચાવી પાડેલી જગ્યા ખાલી કરવા પણ કહ્યું છે. શનિવારે, યુએનને જવાબ આપવા માટે ભારતના અધિકારનો ઉપયોગ કરતા ભારત મિશનના પ્રથમ સચિવ મિજિતો વિનિતોએ કહ્યું કે હવે કાશ્મીર પર માત્ર પીઓકેની વાત જ બચી છે.આ સિવાય મિજિતોએ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનને સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી ભારત વિરુદ્ધ 'જુઠ્ઠાણા' ફેલાવવાનો યોગ્ય જવાબ આપ્યો. તેમણે આતંકવાદ પર પાકિસ્તાન પર નિશાન સાધ્યું હતું. ઈમરાન ખાનને નિશાન બનાવતા મિજિતોએ કહ્યું કે યુએન પ્લેટફોર્મ પર આજે એક નેતાએ ઝેર ઓકયું છે, જેમણે પોતે સ્વીકાર્યું છે કે આતંકવાદીઓ તેમના દેશમાં તાલીમ મેળવે છે.ભારતની તરફથી પાકિસ્તાનને જવાબ આપતા મિજિતોએ કહ્યું કે પાકિસ્તાનના નેતાએ આજે ??કહ્યું હતું કે આવા લોકો જે નફરત અને હિંસા ફેલાવવાનું કામ કરે છે તેમને ગેરકાયદેસર જાહેર કરી દેવા જોઈએ. જ્યારે તેમણે એવું કહ્યું ત્યારે અમને ખૂબ આશ્ચર્ય થયું. શું તેઓ પોતાનો જ ઉલ્લેખ કરી રહ્યા હતા? મિઝિતોએ વધુમાં કહ્યું કે આ સભા એ સતત એક એવી વ્યક્તિ (પાકિસ્તાનના વડા પ્રધાન)ની વાત સાંભળી છે જેની પાસે આજે પોતાને દેખાડવા માટે કંઈ જ નથી. એવી કોઈ સિદ્ધિ નહોતી જેના પર તે બોલી શકે. દુનિયા માટે તેમની પાસે કોઈ સૂચનો નહોતા.ઈમરાન ખાને કાશ્મીરને લઈને ઉભા કરેલા પ્રશ્નના જવાબમાં સેક્રેટરીએ ફરીથી ભારપૂર્વક જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે. તેમણે કહ્યું કે કાશ્મીરને લઈને જે પણ વિવાદ બાકી છે તે પાકિસ્તાનના ગેરકાયદેસર કબ્જાને લઈ છે. અમે પાકિસ્તાને ચેતવણી આપી છે કે તેમણે ગેરકાયદેસર રીતે કબજે કરેલા વિસ્તારોને ખાલી કરી દો.

## કોરોના રસી પહેલાં વિશ્વમાં ૨૦ લાખ લોકો વાયરસથી મોતને ભેટી શકે છેઃ WHO

*જિનિવા,તા.૨૬*

દુનિયાભરમાં કોરોના વાયરસથી મૃત્યુઆંક ૨૦ લાખ સુધી પહોંચી શકે છે.

વિશ્વ આરોગ્ય સંગઠને આ વાત કહી છે.

WHO એ કહ્યું કે એક સફળ રસી મળવા અને વ્યાપક સ્તર પર લોકોને રસી આપતા પહેલાં કોરોનાથી થનાર મોતનો આંકડો ૨૦ લાખ સુધી પહોંચી શકે છે.

WHOએ એમ પણ કહ્યું છે કે જો મહામારીને રોકવા માટે સંગઠિત થઈ પગલાં લેવામાં આવશે નહીં તો મૃત્યુઆંક ૨૦ લાખથી વધુ થઈ શકે છે.

આપને જણાવી દઈએ કે અત્યાર સુધી વિશ્વમાં કોરોના સંક્રમણના ૩ કરોડ ૨૭ લાખથી વધુ કેસ થઈ ચૂક્યા છે.

માઈક રયાને કહ્યું કે આપણે કોઈ પણ રીતે મહામારીમાંથી બહાર નીકળી શક્યા નથી.

તેમણે એમ પણ કહ્યું કે નવા કેસોમાં યુવાનોને દોષ દેવો જોઈએ નહીં.

તેમણે કહ્યું કે આશા છે કે આપણે એકબીજા સામે આંગળી ચીંધીશું નહીં. માઈક રયાને જણાવ્યું હતું કે ઘરોમાં પાર્ટીઓ થઈ રહી છે જેમાં તમામ ઉંમરના લોકો સામેલ લઈ રહ્યા છે

કોરોના વાયરસથી અમેરિકામાં ૨ લાખ ૮ હજારથી વધુ, ભારતમાં ૯૩ હજારથી વધુ, બ્રાઝિલમાં એક લાખ ૪૦ હજારથી વધુ અને રશિયામાં ૨૦ હજારથી વધુ લોકોનાં મોત થયાં છે.

સૌથી વધુ સંક્રમણના કેસમાં અમેરિકા ટોપ પર છે જ્યાં કુલ કેસ ૭૨ લાખને પાર કરી ગયા છે.

ભારત બીજા નંબર પર છે જ્યાં અત્યાર સુધીમાં ૫૯ લાખ કેસ સામે આવી ચૂકયા છે.

રોયટર્સના રિપોર્ટ પ્રમાણે WHOનાં ઈમરજન્સી પ્રોગ્રામના વડા માઈક રયાને કહ્યું કે ૨૦ લાખ લોકોનાં મોત એ માત્ર આકારણી નથી, પરંતુ આમ થવાની સંભાવના ખૂબ જ વધુ છે.

કોરોના વાયરસ સામે આવ્યા બાદથી અત્યાર સુધીમાં છેલ્લા ૯ મહિનામાં કુલ ૯.૯૩ લાખ લોકોનાં મોત થઈ ચૂકયા છે.

## જમ્મુ અને કાશ્મીરમાં ૪.૫ની તિવ્રતાના ભૂકંપના ઝટકા

*શ્રીનગર,તા.૨૬*

જમ્મુ-કાશ્મીરમાં શનિવારે ભૂકંપના ઝાટકા મહેસૂસ કરાયા. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીએ રિક્ટર સ્કેલ પર તેની તિવ્રતા ૪.૫ની માપી છે.

એનસીએસનું કહેવું છે કે ભૂકંપ આજે બપોરે ૧૨ વાગીને ૨ મિનિટ પર આવ્યો હતો.

હાલ કોઈપણ પ્રકારના નુકસાનના અહેવાલ નથી. અગાઉ આજે જ લદ્દાખમાં પણ ધરતીકંપ આવ્યો હતો. જેની તીવ્રતા ૩.૭ માપવામાં આવી છે.

અહીં એક દિવસ પહેલાં એટલે કે શુક્રવારે બપોરે લેહ-લદ્દાખમાં પણ ૫.૬ની તીવ્રતાના ભૂકંપના ઝાટકા મહેસૂસ થયા હતા. જાણકારી મુજબ ભૂકંપના તેજ ઝાટકા બાદ સ્થાનિક લોકોમાં હડકંપ મચી ગયો હતો. આ મહિને ૮ સપ્ટેમ્બરે લદ્દાખના કારગિલમાં પણ ધરતીકંપ મહેસૂસ થયો હતો. જેની તીવ્રતા ૪.૪ માપવામાં આવી હતી. લે-લદ્દાખમાં અગાઉ ૩૧ ઓગસ્ટે ભૂકંપ આવ્યો હતો તે દરમ્યાન તીવ્રતા ૪.૩ માપવામાં આવી હતી.

## ૨૦૨૧થી ચેક દ્વારા પેમેન્ટ સિસ્ટમ બદલાશેઃ ૫૦ હજારથી વધુ પેમેન્ટ માટે વિગતો આપવી પડશે

ન્યુ દિલ્હી,તા.૨૬

આવતા વર્ષ ૨૦૨૧ના પહેલા દિવસથી જ ચેક દ્વારા ચૂકવણી કરવાની સિસ્ટમમાં ફેરફાર આવી રહ્યા.હતા. અત્યારે કોઈ વ્યક્તિ જેને પૈસા ચૂકવવાના હોય તેને ચેક આપી દે છે. પહેલી જાન્યુઆરીથી ચેક દ્વારા ચૂકવણીની વ્યવસ્થામાં કેટલાક ફેરફાર આવી રહ્યા હતા. એ દરેક વ્યક્તિએ જાણવા જરૂરી ગણાય. એને પોઝિટિવ પે સિસ્ટમ નામ અપાયું હતું.ખાસ કરીને પચાસ હજાર રૂપિયાથી વધુ રકમનું પેમેન્ટ કરવાનું હોય ત્યારે મહત્ત્વપૂર્ણ માહિતી આપવાની જરૂર પડશે. એ માટે ચેક આપનાર વ્યક્તિએ એસએમએસ, મોબાઈલ એપ, ઈન્ટરનેટ બેંકિંગ કે એટીએમ જેવા માધ્યમ દ્વારા ચેકને લગતી વધારાની માહિતી આપવાની રહેશે. જે પાર્ટીના નામે ચેક આપવામાં આવ્યો હોય એને રકમ ચૂકવવા પહેલાં બેંક જેને ચૂકવણી કરવાની હોય એનું નામ અને ચેકમાં લખેલી રકમ વિશે વધુ એક વાર પૂછપરછ કરીને પાકું કરશે કે ચેક રજૂ કરનાર વ્યક્તિ એ જ છે જેના નામે ચેક લખવામાં આવ્યો છે. આ રીતે સિક્યોરિટી વધારવાની વ્યવસ્થા કરવામાં આવી રહી હતી.

રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાએ કહ્યું હતું કે આ જોગવાઈ જો કે હાલ ફરજિયાત નહીં રહે. જે ખાતાધારકને આ સગવડ જોઈતી હોય એ બેંક પાસે આ સગવડ માગી શકશે. આમ છતાં પાંચ લાખ કે તેથી વધુ રકમના ચેક માટે આ સિસ્ટમ ફરજિયાત થશે. ખાસ કરીને મોટા વેપારીઓ અને ઉદ્યોગપતિઓની સિક્યોરિટી આ સગવડથી વધશે એવી આશા રખાઈ રહી હતી.

રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાએ બેંકોને કહ્યું હતું કે તમારા ગ્રાહકોને આ સુવિધા વિશે એસએમએસથી જાણ કરો. તમારી તમામ શાખાઓમાં વેબસાઈટ પર અને ઈન્ટરનેટ બેંકિંગની સુવિધામાં પણ આ વાતની જાણ ખાતેદારોને કરો. પહેલી જાન્યુઆરીથી આ જોગવાઈ પોઝિટિવ પે સિસ્ટમ અમલમાં આવશે.

# તંત્રી લેખ

## કોરોના વાયરસ વિવિધ સાબુ, કેમિકલ, દવા,વેન્ટીલેટર ઉત્પાદક કંપનીઓ માટે અવસર બન્યો છે કે શું.....?

કોરોના વાયરસે વિશ્વના દેશોની આર્થિક સ્થિતિથી લઈને તમામ ઉત્પાદન ક્ષેત્રો, વિવિધ માર્કેટો સહિત નાના-મોટા ધંધાદારીઓને,શ્રમિકો-રોજમદારો,નોકરિયાત વર્ગ,મધ્યમ વર્ગ સહિતના લોકોને હચમચાવી નાખ્યા છે. તે સાથે મંદીના વાદળો પણ ફરી રહ્યા છે. મોંઘવારીએ લોકોની કેડ ભાગી નાખી છે,નવી રોજગારી ઊભી થઈ નથી,બેરોજગારોની સંખ્યા વધતી જઈ રહી છે, આવા સમયમા લોકોને સહાય રૂપ થવા જે તે કેટલાક દેશોની સરકારોએ પોતાના નાગરિકોને સીધી આર્થિક સહાય કરીને કાર્યરત રાખ્યા છે. હજુ સુધી ભારતમાં કોરોના રસી શોધી શકાઈ નથી ત્યારે આયાતી રસીનો ઉપયોગ મર્યાદિત માત્રામાં થઈ રહ્યો છે.....! દેશનું આરોગ્ય તંત્ર કે જે-તે સરકાર કોરોના કેસો ઘટી રહ્યાના ગમ્મે તેટલા દાવા કરે છે તો આમ પ્રજા તે દાવા સ્વીકારવા તૈયાર નથી.... કારણ કે દેશમાં કોરોના સંક્રમિત કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. આજ સુધીમાં ભારતમાં ૫૯,૦ ૪૧૭૩ કોરોના સંક્રમિત કેસો નોંધાયા છે તો મૃતાક ૯૩,૪૧૯ થયો છે. જ્યારે ૫૮,૩૫,૮૧૬ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં કોરોના સંક્રમિતોના કેસો વધતા ચાલ્યા છે. આજ સુધીમાં કુલ ૧,૩૦,૪૧૭ કેસો નોંધાઈ ચૂકયા છે, ત્યારે ૩૩૯૮ ના મોત થયા છે. તો તબીબી સારવારને કારણે ૧,૧૦,૫૧૪ દર્દીઓ સાજા થઈ ગયા છે.રાજ્યમા આજે પણ અનેક અણસમજુઓ માસ્ક બાંધતા નથી કે ડિસ્ટન્સ જાળવતા નથી. રાજકિય ક્ષેત્રે તેમાય ખાસ તો ભાજપાના કેટલાક નાના મોટા નેતાઓ,કાર્યકરો કઘરોના બચાવ નિયમોનું ઉલંઘન કરવામાં પ્રથમ ક્રમે છે. તો ખેડૂત આદોલનમા કોરોના નિયમના ધજીયા ઉડી ગયા છે... જોકે આમ પ્રજા મોટાભાગે નિયમનું પાલન કરે છે. બહાર જવાનું ટાળે છે. છતાં કોરોના કેસો વધતા જઈ રહ્યા છે. જેના કારણે આમ પ્રજામાં ચિંતા સાથે ગભરાટ વધુ છે.....! કોરોના વાયરસનો લાભ દેશમાં મોટી કેમિકલ ઈન્ડસ્ટ્રીઓ અને મેડિસન ક્ષેત્રની કંપનીઓ,ઓક્સીજન ઉત્પાદન કરતી ઈન્ટસ્ટ્રીઝો,વેન્ટીલેટર બનાવતી કંપનિઓ,વિવિધ સાબુઓ,ફર્સ સફાઈ કેમિકલ ઉત્પાદન કરતી ઈન્ડસ્ટ્રી માટે તો કોરોના વાયરસ એક ઉત્સવ બની ગયો છે. મીડિયા પર નજર નાખો ત્યારે ખબર પડશે.... જેમાં વિવિધ સાબુ ઉત્પાદન કરતી કંપનીઓ જંતુ નાશક કે કિટાણું નાશક સાબુ, કોરોનાનો સામનો કરતો સાબુના દાવા કરતી જાહેરાતો, ઘરમાં સાફ-સફાઈના સ્પ્રે, ફર્સ પરની કિટાણુ સફાઈ માટેના કેમિકલો, હાથમાના કિટાણુ નાશક સેને ટાઈગર વગેરેનો ભરપૂર પ્રચાર થઈ રહ્યો છે. તો હાથ ધોવા માટે વિવિધ કંપનીઓએ જથ્થાબંધ સેનેટાઈઝર બોટલો માર્કેટમાં ખડકી દીધી છે જે મોટાભાગના બહાર જતા આવતા નોકરીયાતો, વેપારીઓ, ધંધાદારીઓ સહિતના અનેકો સેનેટાઈઝર સાથે રાખતા થઈ ગયા છે. મોટા ઉદ્યોગ ગૃહો, મોટી કંપનીઓ કે જયા વધુ લોકો કાર્ય કરવા માટે આવતા જતા હોય તેવા સ્થળોના પ્રવેશ દ્વારો ઉપર સેનેટાઈઝર સ્પ્રે કેબીન વ્યવસ્થાઓ ગોઠવી છે.તો ઓફિસોમાં પણ સેનેટાઈઝર છે બોટલો રાખી દીધી છે મતલબ સેનેટાઈઝર,સાબુ,સ્પ્રે કીટ કે બોટલ, ફરસ સફાઈના કેમિકલો ઉત્પાદન કરતી કંપનીઓ માટે તો કોરોનાવાયરસ કમાણીનું સાધન બની ગયો છે. તે સાથે વિવિધ દવાઓ ઉત્પાદન કરતી,ગ્લુકોઝ બોટલો બનાવતી, ઓક્સિજન ઉત્પાદન કરતી કંપનીઓ માટે પણ કોરોના આફત એક મોટો અવસર બની ગયો છે.

જયારે રાજકીય ક્ષેત્રે કોરોના ની અસર ન હોય તે રીતે લોકોને ગમતા કે ન ગમતા નિર્ણયો લેવાઈ રહ્યા છે. બિહાર ચુંટણી કાર્યક્રમની જાહેરાત કરવા સાથે મતદારો, કર્મચારીઓની સુરક્ષા માટે તમામ પ્રકારની સુવિધાઓ જાહેર કરવામાં આવી છે.પરંતુ મતદારોના સંપર્ક, મર્યાદિત મુલાકાતો થવાની તેમાં જો કોઈ કોરોના સંક્રમિત હશે તો પછી સ્થિતિ શુ બની રહેશે... તે એક મોટો સવાલ છે અને આ કારણે લોકોમા ચિન્તા વધી ગઈ છે......!?

# સતત બીજા દિવસે શામળાજી-ઉદયપુર નેશનલ હાઈવે બંધ, હોટલો પર હજારો ટ્રકોનો ખડકલો

શામળાજી,તા.૨૬

રાજસ્થાનમાં છેલ્લા ૧૫ દિવસથી શિક્ષક ભરતીના મામલે આંદોલન થઇ રહ્યું છે. આ ભરતી આંદોલનમાં ઘણું આક્રામક બન્યું છે, વાહનો સળગાવી દેવા પેટ્રોલપંપ ઉપર હુમલાથી માંડી ફરજ પરના સરકારી કર્મીઓ ઉપર ભારે પથ્થરમારાના બનાવો વધી રહ્યાં છે. ત્યારે રાજયના સરહદી વિસ્તારમાં આવેલા અરવલ્લી જિલ્લામાં આ આંદોલનના પ્રત્યાઘાતો ન પડે તેથી બોર્ડરો પર પણ પ્રત્યાઘાત પડી રહ્યાં છે. આંદોલનને પગલે નેશનલ અરવલ્લીનાં હાઈવે બંધ કરાતાં પ્રશાસન દ્વારા વાહનો અન્ય માર્ગો ઉપર ડાયવર્ટ કરાયા હતા. પરંતુ ડાયવર્ટ કરાયેલા આ માર્ગો પર જવા માટે અનેક કિલોમીટર ફરીને જવું પડે તેવી હાલત થઇ છે. હાલ અરવલ્લીનાં હાઈવે સૂમસામ બન્યા છે અને હાઈવેની હોટલો પર હજારો ટ્રકોનો જમાવડો થયો છે. આ સાથે અમદાવાદ ઉદેપુર હાઈવે છેલ્લા ૩૬ કલાકથી બ્લોક છે. ત્યારે ડુંગરપૂર અને બાંસવાડામાં ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ કરવામાં આવી છે. જોકે, આ આંદોલનની કોઈ અસર જિલ્લાના સરહદી વિસ્તારમાં નહી હોવાનું અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું પોલીસવડાએ જણાવ્યું હતું.ડુંગરપુર પાસે આંદોલનકારીઓએ સંખ્યાબંધ વાહનોઓ સળગાવી દીધા છે. જેના કારણે શામળાજી પોલીસ ટ્રાફિક ડાર્યવર્ટ કરવામાં લાગી છે. ઉદયપુર જતા વાહનો ભિલોડાથી ડાયવર્ટ કરીને ભિલોડા વાયા અંબાજી, આબુરોડ ડાયવર્ટ કર્યા છે. શામળાજી ઉદયપુર નેશનલ હાઈવે ૮ બંધ કરી દેવામાં આવતા અનેક વાહનચાલકો અને લોકોને મુશ્કેલીઓ પડી રહી છે.

એનએચ ૮ પર વાહનોનો જમાવડો થઈ ગયો છે અને લાંબી કતાર લાગી છે. આ પરિસ્થિતિને કારણે અનેક લોકો અટવાયા છે.



વધુ એક વિકાસઃગુજરાતની નદીઓમાં હોવરક્રાફ્ટ અને જહાજો ફરશે, બારમાસી નદીઓમાં જળમાર્ગ બનાવવાનો પાયલોટ પ્રોજેક્ટ

# કૃષિ પશુપાલન કે શૈક્ષણિક હેતુથી ખરીદાયેલી જમીન માટે કલેક્ટરની મંજૂરી નહી લેવી પડે

અમદાવાદ,તા.૨૬

મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદિની દિર્ધદ્રષ્ટી અને સમયબદ્ધ આયોજનના પરીણામે આજે ગુજરાત દેશનું રોલ મોડલ બની રહ્યું છે. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના નેતૃત્વવાળી રાજય સરકારે વિવિધ મહેસૂલી સુધારાઓ કર્યા છે. જેના ખૂબ સારા પરીણામો પ્રાપ્ત થઈ રહ્યા છે. રાજ્યમાં ગણોત કાયદાઓમાં ક્રાંતિકારી મહેસૂલી સુધારાનો અભિગમ અપનાવી ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વધુ વેગવાન બનાવવાનો માર્ગ સરળ કર્યો છે. ગુજરાત રાજ્ય ઔદ્યોગિક રીતે ખૂબ જ વિકસિત રાજ્ય છે. તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે દેશના અગ્રણી રાજ્યો પૈકીનું એક રાજ્ય પણ છે. જેના કેન્દ્રમાં જમીન એક અગત્યનું પરીબળ છે. રાજયમાં કૃષિ, પશુપાલન, શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રે વિકાસની વ્યાપક તકો ખૂલે તે માટે ઔદ્યોગિક મૂડી રોકાણો આકર્ષિત કરવા અંગે ધ્યાને રાખીને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક-૨૦૨૦ રજૂ કરવામાં આવ્યું હતું. મંત્રીએ આ સુધારા વિધેયક રજૂ કરતાં જણાવ્યું હતું કે, 'આ સુધારા વિધેયકથી ગણોતધારામાં નવી ઉમેરાયેલી કલમ-૬૩-કકકથી સમગ્ર રાજયમાં હવે કૃષિ યુનિવર્સિટી, પશુપાલન યુનિવર્સિટી, શિક્ષણ, તબીબી શિક્ષણ કે આરોગ્ય જેવાં હેતુસર ખેતીની જમીન ખરીદવા માટે જિલ્લા કલેકટરની પૂર્વ પરવાનગી નહીં લેવી પડે. આવી જમીનની ખરીદિ કર્યા બાદ એક મહિનામાં જિલ્લા કલેકટરને જાણ કરી બોનાફાઇડ ઈન્ડસ્ટ્રીયલ પર્પઝની જેમ જ જરૂરી પ્રમાણપત્રો મેળવીને નિયત સમયમાં પ્રોજેકટ કામગીરી શરૂ કરી શકાશે. ભૂતકાળમાં આવી જમીનની ખરીદિ માટે બિનખેડૂત સંસ્થાઓ કે વ્યક્તિઓએ જિલ્લા કલેક્ટર પાસે મંજૂરી મેળવવાનું આવશ્યક હોવાના પરિણામે લાંબા સમય સુધી ટાઈટલ ક્લિયરન્સ, ઈન્સ્પેકશન વગેરેમાં જતો સમય અને પ્રોજેકટ શરૂ કરવામાં થતા વિલંબની સમસ્યાનો હવે આ નવી ક્રાંતિકારી વ્યવસ્થાથી અંત આવશે. મહેસૂલ મંત્રીએ ઉમેર્યુ હતુ કે, 'ગુજરાત મેડિકલ-એન્જિનિયરીંગ અને વ્યવસાયિક શૈક્ષણિક ક્ષેત્ર સાથે-સાથે સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સ સહિતનું હબ બન્યું છે. ત્યારે મુખ્યમંત્રીએ કૃષિ, પશુપાલન યુનિવર્સિટી તેમજ તબીબી-ઈજનેરી શિક્ષણ અને અન્ય શૈક્ષણિક હેતુઓ માટે સરળતાએ જમીન ઉપલબ્ધ થઇ શકે તેવા ઉદાત્ત ભાવથી રાજયમાં હોલિસ્ટીક ડેવલપમેન્ટની નવી દિશા ખોલી આપી છે.

# ગુજરાત વિધાનસભાની ૫ દિવસમાં સત્ર સમાપ્તિઃ અનિશ્ચિતકાળ સુધી કાર્યવાહી સ્થગિત

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત વિધાનસભાના પાંચ દિવસ બાદ ચોમાસા સત્રની પૂર્ણાહુતિ થઈ ચૂકી છે. હવે ગુજરાત વિધાનસભાની કાર્યવાહી અનિશ્ચિતકાળ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.

તમને જણાવીએ કે ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્રાનું કામકાજ પાંચ દિવસ ચાલ્યું હતું. વિધાનસભા ચોમાસા સત્રાની પૂર્ણાહુતિ કરી દેવામાં આવી છે. પાંચ દિવસ ચાલેલા ચોમાસુ સત્રમાં કુલ ૭ બેઠકો મળી છે, જેમાં ૪૩ કલાક ૩૫ મિનિટ કામગીરી ચાલી છે.નવ દિવંગત સભ્યોને શોકાંજલિ અપાઇ છે, જ્યારે ૭૫ સભ્યોએ સત્ર દરમિયાન ચર્ચામાં ભાગ લીધો છે. સત્ર દરમિયાન ૨૦ વિધેયક ગૃહમાં પસાર કરાયા છે, એક સરકારી સંકલ્પ પણ પસાર થયો છે. સત્ર દરમિયાન નિયમ ૪૪ અંતર્ગત ખેડૂતો માટે ૩૭૦૦ કરોડના પેકેજની પણ મુખ્યમંત્રીએ જાહેરાત કરાઈ છે. કેગના અહેવાલની સાથે ૩૫ બોર્ડ કોર્પોરેશનના વાર્ષિક અહેવાલ પણ રજુ થયા છે.

સત્રા દરમિયાન વિધાનસભાએ કુલ ૪૩ કલાક ૩૫ મિનિટ કામ કર્યું હતું . સત્રા દરમિયાન કુલ ૭૫ સભ્યોઓએ ચર્ચામાં ભાગ લીધો હતો . સત્રા દરમ્યાન કુલ ૯ સ્વર્ગસ્થ મહાનુભાવોના અવસાન અંગે સભાગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતાં. સત્રા દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ -૪૦ સૂચનાઓ મળી હતી તેમાંથી ૦૯ સૂચનાઓ દાખલ કરી હતી અને ગૃહમાં મૌખિક ચર્ચા થઈ હતી.

# માફિયા-ગુંડાતત્વો સાથે મારો કોઇ સંબંધ નથી

જામનગર,તા.૨૬

જામનગરમાં અન્ન અને પુરવઠા પ્રધાન હકુભા જાડેજાએ પત્રકાર પરિષદ યોજી હતી. રાજયપ્રધાન હકુભા જાડેજાના ગુંડાતત્વો સાથે સંબધો હોવાંના અહેવાલ પ્રસારિત થયા હતા. ત્યારે હકુભાએ તમામ આરોપોને પાયા વિહોણા ગણાવ્યા છે. તેઓએ સ્પષ્ટતા કરી કે, ભૂમાફિયા જયેશ પટેલ અને રિબડાના અનિરુદ્ધસિંહ સાથે કોઈ પણ જાતનો સબંધ નથી. માફિયાઓ અને ગુંડાતત્વો સાથે મારુ નામ જોડી બદનામ કરવાનું કાવતરું છે. ૨૦ વર્ષની કારકિર્દી ખરાબ કરવા માટે રાજકીય હિતશત્રુઓ કામ કરી રહ્યા છે.

પરિવારના લોકો વેપાર કરે છે તેના વિરુદ્ધ કોઈ પુરાવા હોય તો સજા ભોગવવા ત્યાર છું. રાજ્ય સરકારને સમગ્ર મામલે તપાસ કરવી જોઈએ. તેઓએ ખુલાસો કરતા જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા ખાતાના રાજ્ય મંત્રી તરીકે હોદ્દો સંભાળ્યા બાદ કે તે પછી તે પહેલા મારી રાજકીય કારકીર્દી સ્વચ્છ અને નિષ્કલંક રહી છે. એ આખુ જામનગર અને ગુજરાત જાણે છે. ભાજપને અને મારી વ્યક્તિગત પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના રાજકીય ઈર્ષાથી પ્રેરિત મારી સામે પાયા વગરના આક્ષેપો કેટલાક લોકો દ્વારા કેટલાક મીડિયા દ્વારા કરવામાં આવી રહ્યા છે. જે આક્ષેપો થયા છે તેમાં જરા પણ તથ્ય નથી અને જયેશ પટેલ કે કોઇ પણ અસામાજિક તત્વો સાથે મારે કોઇ પ્રકારનો સંબંધ નથી. આમ છતાં કોઇ પણ પ્રકારના આધાર પુરાવા વગર અસામાજીક તત્વો જેવા અપરાધી સાથે મારુ નામ જોડીને રાજકીય રીતે મને બદનામ કરવાનો આ એક હીન પ્રયાસ છે.

# સુરતમાં પરસ્ત્રીના પ્રેમમાં મોહિત પતિએ ૮ લાખથી વધુનું દેવું કર્યુ, નોંધાઈ ફરિયાદ

શામળાજી,તા.૨૬

સુરતમાં એક પ્રેમિકા પાછળ લાખો રૂપિયા પ્રેમીએ ખર્ચી નાખ્યા જેને લઈને પ્રેમીના માથે લખો રૂપિયાનું દેવું થઇ ગયું હતું. જોકે દેવાના રૂપિયાને લઈને અવાર નવાર પત્નીને ત્રાસ આપવા સાથે પીયરથી રૂપિયા લાવા માટે પતિ દબાણ કરતો હતો. એટલું જ નહીં પરંતૂ સુસાઇડ નોટ લખીને આપઘાતની ધમકી આપતા પતિ અને સાસરિયા વિરુદ્ધ પત્નીએ નોંધાવી પોલીસ ફરિયાદ નોંધાવી છે. સુરતમાં એક પતિ પત્ની અને વોની એક પ્રેમ કહાની સામે આવી છે. જેમાં સુરત ઉતરાણ ખાતે રહેતી યુવતીના લગ્ન જાન્યુઆરી ૨૦૧૯ના રોજ મૂળ ભાવનગર ના અને હાલમાં સુરત ખાતે રહેતા વિવેક ઈતેશ ભટ્ટ સાથે પરિવારની મરજીથી થયા હતા. જોકે યુવતી લગ્નમાં સોના ચાંદીના દાગીના સાથે પાંચ લાખ રૂપિયા રોકડા લઇને આવી હતી. જોકે યુવતી લગ્ન કરી આવતા પહેલાં ૩ મહિના પરિવારે યુવતીને ખુબજ પ્રેમથી રાખી હતી.પણ લગ્નના ૩ મહિના બાદ યુવતીને ખબર પડી હતી કે તેના પતિના કોઈ પર સ્ત્રી સાથે છેલ્લા ચાર માસથી પ્રેમ સંબંધ છે અને આ પ્રેમિકા પાછળ તેના પતિ વિવેકે લખો રૂપિયા ખર્ચ કરી નાખ્યા છે.જેને લઈને આ યુવતીના પતિના માથે ૮ લાખ કરતા વધુનું દેવું છે. જોકે યુવતીને આ સમગ્ર ઘટનાની જાણકારી મળતા તેણે તેના સાસુ સસરાને કહેતા સમગ્ર વાતથી તેઓ જાણકાર હોવા છતાંય પોતાના દીકરાને કોઈ બાબતે કહેતા ન હતા ઉલ્ટા આ જાણકારી મળ્યા બાદ યુવતીને સતત માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યુ હતું. અને નાની નાની બાબતે યુવતી ના પતિને તેના વિરુદ્ધ ભડકાવતતા હતા. પ્રેમિકા પાછળ કરેલ ખર્ચ નું દેવું ચૂકવા માટે પતિ-પત્નીને તેના પિયરમાંથી રૂપિયા લઇ આવા સતત દબાણ કરતો હતો અને તેના દાગીના પણ લઈ લીધા હતા.

# વડોદરામાં કોરોના કેસો વધતા પોલીસ કમિશનરે લાગુ કરી ૧૪૪ કલમ

વડોદરા,તા.૨૬

ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. રાજયમાં છેલ્લા કેટલાય દિવસોથી દૈનિક કેસો ૧૪૦૦ને પાર થઈ ગયા છે. ત્યારે ગુજરાતમાં સુરત, અમદાવાદ અને રાજકોટ પછી કોરોનાનું સૌથી વધુ સંક્રમણ વડોદરામાં છે. ત્યારે વડોદરા પોલીસ કમિશ્નર આર.બી. બ્રહ્મભટ્ટે જાહેરનામું બહાર પાડી વડોદરામાં કલમ ૧૪૪ લાગું કરી દીધી છે. વડોદરા શહેરની હદમાં ચાર કરતાં વધુ વ્યકિતએ ભેગા થવુ નહીં અને સભા સરઘસ ઉપર પ્રતિબંધ મુકીને પોલીસ કમિશનર આર.બી. બ્રહ્મભટ્ટે તા. ૨૭મી સપ્ટેમ્બરથી તા.૧૧મી ધારા ૧૪૪ લાગુ કરતું જાહેરનામુ પ્રસિધ્ધ કરતાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો. પોલીસ કમિશનર બ્રહ્મભટ્ટનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યુ હતુ કે, જાહેરનામાને લોકડાઉન સાથે નિસ્બત નથી.તે લાંબા સમયથી અમલમાં છે માત્ર રીન્યુ કરાયુ છે. લોકોએ પેનીકમાં આવવાની જરૂર નથી. આ જાહેરનામુ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને લાગુ પડશે નહીં. રાજય સરકાર પુનઃ લોક ડાઉન લાવી રહી છે તેવી અફવા ફેલાતા લોકોએ જીવન જરુરી ચીજવસ્તુઓની ખરીદી શરુ કરી હતી. રાજય સરકાર દ્વારા પણ આ મુદ્દે સ્પષ્ટતા કરવામાં આવી હતી. અહિં નોંધવુ જરુરી છે કે, પોલીસ કમિશનર આર.બી. બ્રહ્મભટ્ટે ગઈકાલે તા.૨૪મી સપ્ટેમ્બરે એક જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ હતુ.

જેમાં લખ્યુ હતુ કે, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ એકટ ૩-૭- (૩) હેઠળ જાહેર સલામતી અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતાં વધુ વ્યકિતએ ભેગા થવું નહીં અને સભા સરઘસ યોજવા નહીં. તા. ૨૭મી સપ્ટેમ્બરથી ૧૧મી ઓકટોબર સુધી આ જાહેરનામુ અમલમાં રહેશે. આ જાહેરનામાને લોકોએ લોક ડાઉનની અટકળ સાથે જોડી દીધુ હતુ. પોલીસ કમિશનર આર. બી. બ્રહ્મભટ્ટના જણાવ્યા પ્રમાણે આ રૂટીન પ્રક્રીયા છે અને જાહેરનામુ રીન્યુ કરવામાં આવ્યું છે.

# રાજ્યમાં દારૂબંધીને સામે શંકરસિંહ વાઘેલાએ શરૂ કર્યું #AgainstLiquorBanChallenge અભિયાન

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાંથી દારૂબંધી હટાવવા મુદ્દે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા આક્રમક તેવર બતાવી ચૂક્યા છે. તેઓ ગુજરાતમાંથી દારૂબંધી હટાવવાના પક્ષમાં છે.

આ વિશે અનેકવાર તેઓ જાહેરમાં બોલી ચૂક્યાં છે. ત્યારે હવે ગુજરાતમાં દારૂબંધીની છૂટ આપવા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ અભિયાન શરૂ કર્યું છે, જેમાં તેઓએ ગુજરાતીઓને સ્પષ્ટ વાત પૂછી છે કે, શું તમે પણ દારૂબંધીની ખોટી નીતિનો વિરોધ કરો છો? આ ઉપરાંત તેઓએ દારૂબંધીની વિરુદ્ધમાં એક અભિયાન પણ શરૂ કર્યું છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૫ ૨ #AgainstLiquorBanChallenge હેશટેગ સાથે લોકોનો મત માંગ્યો છે. તેઓએ સોશિયલ મીડિયા પર નામ માત્રની દારૂબંધીના નુકસાન અને દારૂબંધી હટાવવાના ફાયદા ગણાવ્યા છે. #AgainstLiquorBanChallenge હેશટેગ સાથે તેઓએ લોકોને પોતાનો અવાજ ઉઠાવવા કહ્યું છે. તેઓએ સોશિયલ મીડિયા પર લખ્યું કે, દારૂના બ્લેક માર્કેટને કારણે ન તો રાજ્યને ટેક્સ મળી રહ્યો છે, ન તો રોજગાર ઉભો થઈ રહ્યો છે. દારૂબંધી હટશે તો ટુરિઝમને બળ મળશે અને રોજગાર પણ ઉભો થશે.

સાથે જ તેમણે ઝેરી કેમિકલવાળો દારૂ પીવા લોકો મજબૂર થયા છે તેવી વાત કરી હતી. શંકરસિંહ વાઘેલાના અભિયાન પર અનેક લોકોએ પ્રતિસાદ આપ્યો છે. લોકોએ ગુજરાતમાંથી દારૂબંધી હટાવવાની તરફેણ કરી. તે એક શખ્સે કહ્યું કે, માત્ર ગુજરાતમાં જ દારૂબંધી કેમ, દારૂબંધી કરવી હોય તો આખા ભારતમાં કરો. કેટલાકે કહ્યું કે, દારૂબંધી હટશે તો લોકો દેશીદારૂ અને લઠ્ઠો પીતા અટકશે.

# બૂલેટ ટ્રેનના અસરગ્રસ્ત તમામ ૨૮ ગામમાં વળતરની સરકારી ઓફર ખેડૂતોએ નકારી

નવસારી,તા.૨૬

નવસારી જિલ્લાના બૂલેટ ટ્રેન અસરગ્રસ્ત તમામ ૨૮ ગામના અસરગ્રસ્તોએ સરકારની જંત્રી આધારિત ઓફર સ્વીકારવાની ના પાડી દેતા સરકાર માટે દુવિધાની સ્થિતિ પેદા થઈ છે. નવસારી જિલ્લાના કુલ ૨૮ ગામમાંથી બહુચર્ચિત બૂલેટ ટ્રેન પસાર થશે ત્યારે આ ગામોની જમીન સંપાદન કરવાની પ્રક્રિયા ત્રણેક વર્ષથી ચાલી રહી છે. જોકે જમીનના વળતર મુદ્દે સંપાદનની કામગીરી જિલ્લામાં ઘોચમાં પડી છે અને નવસારી જિલ્લાની જમીનમાં વળતર મુદ્દે સમાધાન ન થઈ હજુ એક પણ જમીન સંપાદન થઈ શક્યું નથી. હવે તાજેતરમાં સરકારે અસરગ્રસ્ત ગામોમાં અસરગ્રસ્ત તમામ ૨૮ ગામમાં વળતર મુદ્દે લેટર લખ્યો હતો,જેમાં અસરગ્રસ્ત ખેડૂતો જો જંત્રી આધારિત સરકારની વળતર સ્વીકારે તો વધારાના ૨૫ ટકા રકમ મળશે તેવી ઓફર કરી હતી. એક પછી એક તમામ ગામોના અસરગ્રસ્ત ખેડૂતોએ સરકારની જંત્રી આધારિત વળતર સ્વીકારવાની ઓફર નકારી દીધી છે. આ બાબતની જાણ સંલગ્ન ગામોના તલાટીઓએ સરકારમાં કરી દીધાની જાણકારી મળી છે. અસરગ્રસ્ત તમામ ગામોના ખેડૂતોએ તેમના ગામોમાં સરકારી જંત્રીના ભાવ વાસ્તવિક બજારભાવની સરખામણીએ ખૂબ જ ઓછા હોઈ વળતર સ્વીકારવાની ના પાડી છે અને વાસ્તવિક બજારભાવને આધાર બનાવી વળતર ચૂકવવાની માગ કરી છે. હવે એક પણ ગામના ખેડૂતોએ સરકારી ઓફર સ્વીકારવાની ના પાડતા તંત્ર માટે દુવિધા સર્જાય એમ છે.છેલ્લા ઘણાં સમયથી બૂલેટ ટ્રેન અસરગ્રસ્તોને વળતર કેટલું ચૂકવાય તે મુદ્દે વાદવિવાદ ચાલી રહ્યો હતો. સરકારના ચૂંટાયેલા કેટલાક પ્રતિનિધિઓ વધુ વળતર અપાવવા પ્રયત્ન કરતા હતા અને આશ્વાસન પણ આપતા હતા.

# દુર્લભ પટેલ આત્મહત્યા કેસનો આરોપી હેડ કોન્સ્ટેબલ નાસિકથી ઝડપાયો

સુરત,તા.૨૬

સુરતમાં દુર્લભ પટેલ આત્મહત્યા કેસમાં શુક્રવારે વધુ એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. દુર્લભ પટેલ આપઘાત કેસમાં આરોપી પોલીસ કર્મી વિજય શિંદે નાસિકથી ઝડપાયો છે. વિજય શિંદેની ધૂલિયા હાઈવે પરથી ધરપકડ કરવામાં આવી છે. તે મહારાષ્ટ્રના મનોર નજીક એક રિસોર્ટમાં રોકાયો હોવાનું પોલીસને જાણ થઈ હતી.

દુર્લભ પટેલ અને તેમના પુત્ર જેડીએ હેડ કોન્સ્ટેબલ વિજય શિંદે પાસે પીસાદ જમીનમાં મદદ માંગી હતી.બાદમાં તે જ દુર્લભ પટેલને ધમકાવતો થયો હતો. તે અન્ય આરોપીઓ સાથે મળીને અશ્લીલ હરકતોથી દુર્લભ પટેલને ધમકાવતો હતો. સાથે જ પોલીસને વિજય શિંદે સામે અનેક પુરાવા મળ્યા છે, જેમાં તે દુર્લભ પટેલે જે ઉખાડવું હોય તે ઉખાડી લે જે તેવું કહી રહ્યો છે. કરોડો રૂપિયાની જમીન વિવાદમાં દુર્લભ પટેલે આત્મહત્યાનું પગલુ ભર્યું હતુ. આ કેસમાં ઓલપાડના મામલતદાર સહિત ત્રણ શખ્સોને પૂછપરછ માટે લાવવામાં આવ્યા હતા.આ કેસમાં સુરત પોલીસ કમિશનર દ્વારા પીઆઇ બોડાણા સહિત કોન્સ્ટેબલ અને એએસઆઈ સહિત ૪ પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરાયા છે. પીઆઇ લક્ષ્મણ બોડાણા અને પીઆઈએ રાઈટર અને બે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CYMK